મહત્તમ : ૪૦.૨ ડીગ્રી
લઘુતમ : ૩૧.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૩ ટકા ● સાંજે ૩૫ ટકા

ગાંધીનગર તાપમાન

શાકભાજીના ભાવમાં આંશિક વધારો

ગાંધીનગર, તા.૯

હાલના સમયે અન્ય રાજયોમાં ખેડુતોના વિવિધ પ્રશ્નોને લઈને ધરણા અને પ્રદર્શનો ચાલી રહ્યા છે. વિવિધ શાકભાજી અને દુધ માર્ગ પર ખેડુતો દ્વારા નાંખી દેવામાં આવે છે અને વિરોધ વ્યકત કરવામાં આવી રહ્યો છે. ત્યારે ગાંધીનગરમાં હાલની સ્થિતિએ શાકભાજીના ભાવમાં ખાસ વધઘટ થવા પામી નથી.નાસિક તરફથી આવતા ગણતરીના શાકભાજીમાં માત્ર આંશિક ભાવ વધારો નોંધાયો છે.

ભારતના મધ્યપ્રદેશ, ઉતરપ્રદેશ અને પંજાબ સહિત ૧૦ રાજયોમાં ખેડુત આંદોલન ચાલી રહ્યું છે. શહેરોમાં દુધ અને શાકભાજી ખેડુતો દ્વારા મોકલવામાં આવતી નથી. ખેડુતો રસ્તામાં શાકભાજી નાંખીને તેમજ દુધ ઢોળીને સરકાર સામે વિરોધ પ્રદર્શીત કરી રહ્યા છે. ત્યારે ખેડુતોની માંગણીઓમાં પાકના ટેકાના ભાવ મળવા જોઈએ, ખેડુતોનું દેવું માફ કરવુ, પાક માટે વિજળી અને સિંચાઈનુ પાણી સમયસર મળવું જોઈએ, પાક વિમાની ચુકવણી સમયસર અને સરળતાથી થવી જોઈએ તે સહિત સ્વામીનાથન કમિટીની ભલામણ લાગુ કરવી તેવું ખેડુતો ઉગ્ર રોષ સાથે જણાવી રહ્યા છે. ઓલ ઈન્ડીયા કિસાન સભાના નેજા હેઠળ કિસાનો આંદોલન ચલાવી રહ્યા છે. ત્યારે ગુજરાતમાં ખેડુત આંદોલનની અસર નહીંવત જોવા મળી છે. શહેરના શાકમાર્કેટોમાં શાકભાજીના ભાવ કોઈ ઉછાળો નોંધાયો નથી. ગાંધીનગર શહેરના શાકબજારોમાં ખાસ કરીને આસપાસના વિસ્તારમાંથી શાકભાજી આવતા હોય છે. જયારે મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ અને ઉતરપ્રદેશ તરફથી આવતા શાકભાજી હાલના બંધ થઈ ગયા છે. પરંતુ ઉનાળાના પગલે શાકભાજીની ખાસ અછત વર્તાઈ નથી. ભાવમાં પણ ખાસ વધઘટ જોવા મળી નથી. ત્યારે હાલ બહારના રાજયમાંથી આવતા કેટલાક શાકભાજીમાં કારેલા,પરવર, સીમલા મરચા, આદુ, કોથમીર, ટામેટામાં આંશિક ભાવ વધારો જોવા મળ્યો છે. જયારે ખેડુતોનું આંદોલન લાંબુ સમય ચાલે અને ગુજરાતમાં પણ પગપેસારો કરે અને અન્ય રાજયની જેમ શાકભાજી અને દુધ શહેરોમાં આવતું બંધ થઈ જાય તો નાગરીકોની હાલત કફોડી બની શકે છે.

@ગાંધીનગર

● પંચદેવ મંદિરે સાંજે ૫.૩૦ થી ૯ કલાક દમરિયાન કેરી મહોત્સવ યોજાશે. આ ઉપરાંત ખીચડી પ્રસાદ વિતરણનો પ્રારંભ કરવામાં આવશે.

● દ્વિજા સર્જીકલ હોસ્પિટલનું ઉદઘાટન સવારે ૯ કલાકે સેકટર-૨૨, પ્લોટ નં. ૧૪૬/૧, પંચદેવ મંદિર, જૈન દેરાસર રોડ ખાતે યોજાશે.

પાટીદાર સમાજના સ્વ.કુંવરજીભાઈ પટેલને ભાવાંજલિ અર્પતા ધારાસભ્ય બ્રિજેશ મેરજા

ગાંધીનગર, તા.૯

સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સમાજના પ્રમુખ સ્વ.કુંવરજીભાઈ પટેલના દેહાંત અન્વયે સદ્‌ગતને ભાવાંજલિ અર્પતા ધારાસભ્ય બ્રિજેશ મેરજાએ જણાવ્યું છેકે તેઓ ગાંધીનગરની પટેલવાડીના શિલ્પી હતા. આ પટેલવાડી સમગ્ર ગાંધીનગરના નાના અને મધ્યમવર્ગના અન્ય સમાજ માટે પણ એક ઉપકારક સમાજવાડી બની રહી છે તેનું શ્રેય સ્વ.કુંવરજીભાઈના ફાળે જાય છે. ગાંધીનગરમાં વસવાટ કરતા સૌરાષ્ટ્રના કડવા-લેઉવા પાટીદાર વચ્ચે સેતુરૂપ ભુમિકા ભજવી સ્વ.કુંવરજીભાઈ હંમેશ સમસ્ત પાટીદારના હિતને સર્વોચ્ચ પ્રાધાન્યતા આપી કડવા-લેઉવા પાટીદારોને સંગઠનના એક તાંતણે ગુંથી રાખવામાં માહેર હતા. દેહદાન અને ચક્ષુદાન એ જ એમની પરોપકારીવૃતિનો બોલતો પુરવો છે. આવા એક આદર્શવાદી વડિલ ગુમાવવાથી સમાજને એક ઘેઘુર વડલાની શિતલ છાયા હેઠળ સાંપડતી હુંફની ખોટ સાલશે.ગાંધીનગરની અનેક સામાજીક, શૈક્ષણિક અને સાંસ્કૃતિક સંસ્થાઓમાં પરોક્ષ રીતે સ્વ.કુંવરજીભાઈ પટેલનું યોગદાન દિર્ઘકાળ સ્મરણીય બની રહેશે.

શહેર વસાહત મહામંડળ દ્વારા શહેરમાં અસ્થિ વિસર્જનની સેવા થકી મૃતાત્માઓના અસ્થિને હરિદ્વારમાં હરકી પેઢી ઘાટ પર જઈ ગંગાજીમાં વિસર્જીત કરવાની સેવા પુરી પાડવામાં આવે છે. દર ત્રણ માસે યોજાતી આ સેવા પૂર્વે એકત્રિત અસ્થિ વિર્જન માટે લઈ જવાય તે પહેલા મૃતાત્માઓના સગા સંબંધી પરિવારજનો તથા સ્નેહીજનો સાથે પ્રાર્થના સભા યોજવામાં આવે છે. આજે મુકિતધામ ખાતે આગામી અસ્થિ વિસર્જન સેવાના મૃતાત્માઓની શાંતિ અને સદગતિ માટે પ્રાર્થના સભા યોજાઈ હતી.

ગુજરાતમાં બે વર્ષથી સરદાર પટેલ, એકલવ્ય એવોર્ડ ન અપાતા રમતવીરો નારાજ

ગાંધીનગર, તા.૯

ગુજરાત રાજય રમતગમત યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ દ્વારા પ્રતિ વર્ષ રમત ગમત ક્ષેત્રે ગુજરાતનું નામ રોશન કરનાર ખેલાડીઓને પુરસ્કાર એવોર્ડ આપી સન્માનિત કરવામાં આવે છે. પરંતુ છેલ્લા બે વર્ષથી આ પ્રકારના પુરસ્કારો ખેલાડીઓને આપવામાં આવ્યા નથી. રમતગમત વિભાગની આળશુ નીતિથી સમગ્ર પુરસ્કાર એનાયત પ્રક્રિયા ખોરંભે ચડી ગઈ છે. સરકારની આ ઢીલી કામગીરીથી ખેલાડીઓમાં નારાજગીનો ગણગણાટ થઈ રહ્યો છે.

ગુજરાતના રમતવીરો વિવિધ રમતોમાં ગુજરાતનું નામ ભારત સહિત વિશ્વમાં રોશન કરે છે તેના માટે રમતગમત યુવક સેવા વિભાગ દ્વારા વિવિધ કેટેગરીમાં પ્રતિ વર્ષ રોકડ પુરસ્કારો આપવામાં આવે છે. જેમાં સરદાર પટેલ, એકલવ્ય એવોર્ડ વગેરે જેવા એવોર્ડનો સમાવેશ થાય છે. પ્રતિ વર્ષ ગુજરાતનું નામ રોશન કરનારને પુરસ્કાર આપી નવાજવામાં આવે છે પરંતુ છેલ્લા બે વર્ષથી રમતગમત યુવક સેવા પ્રવૃત્તિ વિભાગની આળસુ નીતિને પગલે આ ફાઈલો હાલ ખોરંભે ચડી ગઈ છે. પરિણામે બે વર્ષથી રમતવીરો આ પ્રકારના તમામ પુરસ્કારથી વંચિત છે. પુરસ્કારો એનાયત ન થતા કયાંકને કયાંક રમતવીરોમાં નિરાશા વ્યાપી ગઈ છે.

આજે સાહિત્ય સભાની માસિક બેઠક

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર સાહિત્ય સભાની માસિક બેઠક તા. ૧૦મી જૂન રવિવારે સાંજે ૫.૩૦ કલાકે સેકટર-૨૧માં નામન એપાર્ટમેન્ટ ખાતે સંસ્થાના પ્રમુખ નટવર હેડાવના અધ્યક્ષસ્થાને યોજાશે. આ બેઠકમાં ગાંધીનગરના જાણીતા નવલકથાકાર, વાર્તાકાર અને સભાના મંત્રી કલ્પેશ પટેલ દ્વારા તેમની વાર્તાનું પઠન તેમજ તેમની સર્જનયાત્રા વિષે વકતવ્ય આપશે. આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા સંસ્થાના સભ્યોને આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

સિવિલમાં એપ્રેન્ટીસ યોજના હેઠળ યુવાનોને રોજગારીની તક

ગાંધીનગર, તા.૯

મુખ્યમંત્રી એપ્રેન્ટીસ યોજના હેઠળ સરકારી તથા ખાનગી એકમોમાં જરૂરીયાત મુજબ બેરોજગાર યુવાનોને રોજગારી આપવામાં આવે છે. આ યોજના અંતર્ગત ગાંધીનગર સિવિલમાં એક હજારથી પણ વધુ યુવાનોને રોજગારી મળી શકે તેમ છે. સિવિલમાં એપ્રેન્ટીસ યોજનામાં ભરતી કરવા માટે આરોગ્ય વિભાગ દ્વારા છેલ્લા કેટલાક સમયથી સિવિલ તંત્રને આદેશ કરવામાં આવ્યો છે પરંતુ બેરોજગાર યુવાનોને રોજગારી આપવામાં સિવિલ તંત્ર ઉણુ ઉતર્યું હોય તેમ લાગી રહ્યું છે.

આછુ ભણેલા હોય તેવા બેરોજગાર યુવાનોને ઔધોગીક તાલિમ સંસ્થામાં વિવિધ કોર્સ દ્વારા તાલિમબદ્ધ કરવામાં આવે છે. આવા તાલિમ પામેલા યુવાનોને રોજગારી મળી રહે તે માટે સરકાર દ્વારા એપ્રેન્ટીસ યોજના અમલમાં મુકવામાં આવી છે. આ એકમોમાં કુલ જગ્યાઓના ૧૦ ટકા જગ્યાઓ મુખ્યમંત્રી એપ્રેન્ટીસ યોજનાથી ભરવાનો સરકાર દ્વારા લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે. ખાનગી એકમોમાં આ યોજના થકી યુવાનોને રોજગારી આપવા માટે સરકાર દ્વારા સતત દબાણ કરવામાં આવી રહ્યું છે. ત્યારે બીજીબાજુ સકરારી એકમો જ મુખ્યમંત્રી એપ્રેન્ટીસ યોજનાની અવગણના કરી રહ્યા હોવાનું બહાર આવ્યું છે. પાટનગર સ્થિત સિવિલ હોસ્પિટલમાં મુખ્યમંત્રી એપ્રેન્ટીસ યોજના અંતર્ગત ઈલેકટ્રીશીયન, પ્લમબર, તથા અન્ય જગ્યાઓ પર એક હજારથી વધુ યુવાનોને રોજગારી મળી શકે તેમ છે. આ યોજના થકી ભરતી કરવા માટે આરોગ્ય વિભાગ દ્વારા સિવિલ તંત્રને કેટલાક સમય અગાઉ લેખિતમાં પણ આદેશ કરવામાં આવ્યો છે. સિવિલ તંત્રને બેરોજગાર યુવાનોને રોજગારી આપવામાં કોઈ રસ ન હોય તેમ ભરતી બાબતે છેલ્લા કેટલાક સમયથી કોઈ બ્લુપ્રિન્ટ તૈયાર કરવામાં આવી નથી.યુવાનોને રોજગારી મળી રહે તે માટે સરકાર દ્વારા અનેક પગલા ભરવામાં આવી રહ્યા છે. ત્યારે સરકારી એકમો જ યુવાનોને રોજગારી આપવામાં ઉણુ ઉતર્યું છે તેમ કહી શકાય..



દેશની સૌથી મોટી રાજકીય પાર્ટી ભારતીય જનતા પક્ષ દ્વારા જનસંપર્ક અભિયાન છેડવામાં આવ્યું છે જે અંતર્ગત પાર્ટીના અગ્રણી રાજનેતાઓ સમાજના વિવિધ ક્ષેત્રના અગ્રણી નાગરિકોનો સંપર્ક કરી કેન્દ્ર સરકારની કામગીરી અંગે અવગત કરી રહ્યા છે. આ અભિયાન અંતર્ગત કેન્દ્રિય મંત્રી પુરુષોત્તમ રૂપાલાએ શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચની મુલાકાત લીધી હતી.

આજે સમસ્ત વણકર સમાજ દ્વારા વણકર પ્રતિભા સન્માન કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર નિવાસી સમસ્ત વણકર સમાજ દ્વારા આજે સેકટર-૧૨ આંબેડકર હોલ ખાતે વણકર પ્રતિભા સન્માન કાર્યક્રમ સાંજે ૪ કલાકે યોજાશે. જેમાં સમાજની પ્રતિભાઓને સન્માનિત કરવામાં આવશે.

આ સન્માન કાર્યક્રમમાં અધ્યક્ષપદે જીપીસીસીના કાર્યકારી પ્રમુખ ડૉ. કરસનદાસ સોનેરી, ઉદઘાટક પદે પૂર્વ સંસદસભ્ય રતિલાલ વર્મા, મુખ્ય મહેમાન પદે રાકેશ અમીન અતિથિ વિશેષ પદે કે.કે. ચૌહાણ અને કે.બી. મકવાણા સહિતના સમાજ અગ્રણીઓ અને કાર્યકરો હાજર રહેશે. વણકર સમાજના તમામ જ્ઞાતિબંધુઓને કાર્યક્રમમાં પધારવા અપીલ કરવામાં આવી છે.

બ્રહ્માકુમારી ખાતે પર્યાવરણ જાળવણી માટે વૈચારિક પ્રદુષણ ઘટાડવા રાજયોગની ભઠ્ઠીનો પ્રારંભ

ગાંધીનગર, તા. ૯

આંતરરાષ્ટ્રિય પર્યાવરણ દિવસ ૫ મી જૂન ૨૦૧૮ના અનુસંધાને પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિધ્યાલય,સેકટર-૨૮ ગાંધીનગર ખાતે પર્યાવરણ જાળવણી માટે વૈચારિક પ્રદુષણ ઘટાડવા માટે તા.૯ અને ૧૦ જૂન ૨૦૧૮ બે દિવસની રાજયોગની ભઠ્ઠીનો પ્રારંભ થયેલ છે.

પર્યાવરણની જાળવણી માટે વૈચારિક પ્રદુષણ ઘટાડવાની તાતી જરૂરિયાત છે. મનુષ્યના મનમાં ઉદભવતાં વિચારોને જો સુધારવામાં આવે, કલ્યાણકારી, સમાજ ઉપયોગી, નિરુપદ્રવી બનાવવામાં આવે તો આપણા કર્મો અને ફરજો અવશ્ય સુધરશે. જે પર્યાવરણ અને માનવ સમાજની સાચી દિશામાં જાળવણી કરવામાં ઘણાં જ ઉપયોગી સિધ્ધ થશે. આ વૈચારિક પ્રદુષણ ઘટાડવવા રાજયોગ નો અભ્યાસ ખૂબ જ કારગર સાબિત થયેલ છે.

તો રાજયોગના પ્રયોગ થકી પર્યાવરણ પ્રદુષણ દૂર કરી પ્રર્યાવરણની જાળવણી થકી માનવ જીવન સુખમય બનાવવા બ્રહ્માકુમારીઝના આંતરરાષ્ટ્રિય મુખ્યાલય માઉન્ટ આબુ ખાતેથી મૂળ ઓરિસાના વતની બ્રહ્માકુમાર રમેશભાઈ કે જેમણે ભારત સહિત વિશ્વના ૨૦ જેટલાં દેશોમાં ૨,૦૦૦ જેટલાં ભઠ્ઠીના કાર્યક્રમોથી ભેખ જગાવી છે તેઓ ગાંધીનગરમાં રાજયોગની ભઠ્ઠી કરાવવા પધારેલ છે. વૈચારિક પ્રદુષણ દૂર કરતી આ રાજયોગની ભઠ્ઠીનું ઉદ્‌ઘાટન સેકટર-૨૮ સેવાકેન્દ્ર સંચાલિકા રાજયોગીની કૈલાશદીદી, બ્રહ્માકુમાર રમેશભાઈ તથા અન્ય બ્રહ્માકુમારી બહેનો દ્વારા દિપ પ્રાગટ્ય કરી કરવામાં આવેલ. શનિવાર અને રવિવાર સવારે ૪.૦૦થી ૧૨.૦૦ અને સાંજે ૪.૦૦થી ૮.૦૦ દરમ્યાન રાજયોગને આત્મસાત કરી સર્વશકિતમાન પરમાત્માના સાનિધ્ય રહી કઈ રીતે પ્રદુષણ દૂર કરી શકાય તેના પ્રેક્ટિકલ ડેમોન્સ્ટ્રેશન સાથે વિષયની વિગતવાર છણાવટ કરવામાં આવશે.

ગાંધીનગરમાં ઘર આંગણે સાંપડેલ અમૂલ્ય તક ઝડપી લેવા રાજયોગીની કૈલાશદીદીજી એ સૌ પ્રકૃતિ પ્રેમી ભાઈ બહેનોને ઈશ્વરીય નિમંત્રણ પાઠવેલ છે.

ટીટોડા ગામમાં મંદિર પાસે જુગાર રમવાની ના પાડતા યુવાન પર હુમલો

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર આસપાસ ગ્રામીણ વિસ્તારોમાં વરલી મટકા અને તીનપત્તીના જુગાર પોલીસની કડક કામગીરી બાદ પણ ચાલુ જ છે. હવે તો સ્થાનિક લોકો જુગાર રમતા કોઈને ના પાડે તો તેને માર ખાવો પડે તેવી સ્થિતિ ઉભી થઈ જવા પામી છે. ગઈકાલે જ ગાંધીનગર નજીકના ટીટોડા ગામમાં આવો કિસ્સો બનવા પામ્યો હતો મંદિર પાસે જુગાર રમવાની ના પાડતા ત્રણ જુગારીઓએ મળીને યુવાનને ઢીબી નાખ્યો હતો અને જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. ઈજાગ્રસ્ત યુવાને આ મામલે પેથાપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપતા પોલીસે ત્રણ શખ્સો સામે ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ ટીટોડા ગામમાં રહેતા અમરજી વેલાજી ઠાકોર ગઈ કાલે સવારે દસ વાગ્યાના અરસામાં પોતાના ઘરે હતા ત્યારે તેમના મહોલ્લાના ચામુંડા માતાજીના મંદિર પાસે કેટલાક શખ્સો ટોળું વળીને જુગાર રમી રહ્યા હતા. અમરજી ઠાકોરના મોટાભાઈ ભીખાભાઈએ જુગાર રમી રહેલા શખ્સોને આ પવિત્ર સ્થળે જુગાર રમવા ઠપકો આપતા જુગારીઓ ઉશ્કેરાઈ ગયા હતા. જુગાર રમી રહેલા ભલાજી ચતુરજી ઠાકોર, પરબતજી ભલાજી ઠાકોર, અને ખોડાજી ભલાજી ઠાકોરે ઉશ્કેરાઈ જઈને બોલાચાલી શરૂ કરી દીધી હતી. આ સાંભળીને અમરજી પણ સ્થળ પર દોડી આવ્યા હતા. ઝઘડો ન કરવા જણાવતા જુગારીઓ ઉશ્કેરાઈ ગયા હતા અને ભલાજીએ લાકડી વડે અમરજી ઉપર હુમલો કરી દીધો હતો. તે ઉપરાંત અન્ય બે શખ્સોએ પણ ઝપાઝપી શરૂ કરી દીધી હતી. અમરજીના ભાઈ ભીખાભાઈએ વચ્ચે પડીને અમરજી છોડાવ્યા હતા. તે સમયે સામેના જુગારીઓએ બેફામ ગાળાગાળી કરીને અમરજીને જાનથી મારી નાખવાની ધમકીઓ આપી હતી. ઘાયલ થયેલા અમરજીને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે તાત્કાલિક ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. આ મામલે પેથાપુર પોલીસે ગુનો દાખલ કરી ઘટનાને ગંભીરતાથી લઈ આરોપીઓની ધરપકડ માટે તજવીજ શરૂ કરી છે.

સંસ્કાર ગ્રુપ દ્વારા બાળલક્ષી પ્રવૃત્તિ કરાશે

ગાંધીનગર, તા.૯

શહેરની જ્ઞાન, ગમ્મત અને વિકાસને લગતી સંસ્થા સંસ્કાર ગ્રુપ ગાંધીનગર દ્વારા તા. ૧૧-૬-૨૦૧૮ને સોમવારે સાંજે ૬.૩૦ કલાકે સેકટર-૭ના બગીચા ખાતે બાળલક્ષી પ્રવૃત્તિ કરવામાં આવશે. સંસ્કાર ગ્રુપ દ્વારા બાળકોને જ્ઞાન સાથે ગમ્મતની રમત રમાડવામાં આવશે. આ ઉપરાંત બાળકોની સાથે તેમની સુટેવ અને કુટેવ વિશે ચર્ચા કરવામાં આવશે. જેથી કરીને તેમાં સુધારણા લાવી શકાય. પ્રવૃત્તિઓ બાદ બાળકોને ઠંડા શરબતનું વિતરણ કરવામાં આવશે.

સરકારી પુસ્તકાલયોમાં વેકેશન દરમિયાન પુસ્તક વાંચનમાં ૨૦ ટકાનો વધારો

ગાંધીનગર, તા.૯

વેકેશનના સમય દરમિયાન બાળકોથી માંડીને મોટેરાઓ અનેકવિધ ઈતર પ્રવૃત્તિઓ કરતા હોય છે. મોટાભાગના ગુજરાતીઓ રજાના માહોલમાં હરવા-ફરવાનું પસંદ કરતા હોય છે. જયારે કેટલાક પુસ્તકરૂપી દુનિયાનો પ્રવાસ ખેડતા હોય છે. આ વર્ષે પાટનગરના સરકારી પુસ્તકાલયોમાં પુસ્તકોના વાંચનમાં વીસ ટકાનો વધારો નોંધાયો છે.

વેકેશન દરમિયાન રાજય મધ્યસ્થ ગ્રંથાયલ સેકટર-૧૭માં એપ્રિલ માસ દરમિયાન ૧૨,૩૨૪ અને મે મહિનામાં ૧૪,૯૬૦ એમ કુલ મળીને ૨૭,૨૮૪ વાંચકો નોંધાયા છે. જયારે સરકારી જિલ્લા પુસ્તકાલય સેકટર-૨૧માં એપ્રિલ માસ દરમિયાન ૯,૯૮૫ અને મે મહિનામાં ૧૨,૩૫૭ એમ કુલ મળીને ૨૨,૩૪૨ વાંચકો નોંધાયા છે.

અત્યારના ડીજીટલ યુગમાં પણ પુસ્તકોનું મહત્વ અકબંધ છે. ઈ-પેપર અને ઈ-બુકસના જમાનામાં પણ લોકો છાપુ અને પુસ્તકો ઓફલાઈન વાંચવાનું પસંદ કરે છે. એપ્રિલ અને મે માસામાં રજાના સમયગાળામાં સરકારી પુસ્તકાલયોમાં પુસ્તકોના વાંચનમાં વીસ ટકા જેટલો વધારો નોંધાયો છે. સેકટર-૧૭ સ્થિત રાજય મધ્યસ્થ ગ્રંથાલયમાં વેકેશન દરમિયાન કુલ ૨૭,૨૮૪ પુસ્તકો પુસ્તકાલયના સભ્યો દ્વારા વાંચવામાં આવ્યા હતા. જેમાં ૧૭,૮૯૮ ગુજરાતી, ૪,૩૯૨ હિન્દી તથા ૪,૯૯૪ અંગ્રેજી ભાષાના પુસ્તકો વાંચકો દ્વારા લેવામાં આવ્યા હતા. આ ઉપરાંત એપ્રિલ-મે માસ દરમિયાન નવા ૨૦૨ વાંચકોએ પુસ્તકાલયનું સભ્યપદ લીધું હતું. મધ્યસ્થ ગ્રંથાલયમાં કુલ ૩૧ દૈનિક સમાચારપત્રો તથા ૧૧૭ સામયિકો આવે છે. આ ઉપરાંત પુસ્તકાલયમાં કુલ ૧,૨૨,૪૭૫ પુસ્તકો વાંચકો માટે ઉપલબ્ધ છે. જેમાં ચાલુ વર્ષે એપ્રિલ-મે માસમાં નવા ૪૦૦ પુસ્તકો ઉમેરવામાં આવ્યા છે.

આજનો મોટા ભાગનો યુવા વર્ગ પોતાનો સમય સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરવામાં ખર્ચે છે. મધ્યસ્થ ગ્રંથાલયમાં રોજ આશરે ૧૦૦૦ જેટલા યુવાનો વિવિધ પરીક્ષાઓની તૈયારી કરવા માટે સમય ફાળવે છે. મધ્યસ્થ ગ્રંથાલય દ્વારા સંવર્ધિત ફરતું પુસ્તકાલય શહેરના દરેક સેકટરોમાં આશરે ૬૫ કેન્દ્રોમાં ફરતું રહે છે જેના થકી ૩,૪૩૭ પુસ્તકો વાંચકોએ વાંચ્યા હોવાનું નોંધાયું છે. આ ઉપરાંત, ગાંધીનગર આસપાસના ૯ ગામડાઓમાં લગભગ ૮૧ કેન્દ્રોમાં બીજુ પરતું પુસ્તકાલય વાંચકો માટે ઉપલબ્ધ છે.

સરકારી જિલ્લા પુસ્તકાલય, સેકટર-૨૧ ખાતે આ વર્ષે એપ્રિલ-મે માસમાં કુલ ૨૨,૩૪૨ પુસ્તકો વાંચનપ્રેમીઓએ વાંચ્યા છે. પુસ્તકાલયમાં કુલ ૧૨,૮૮૦ સભ્યો છે, જેમાં ૩૧૮ બાળકોનો સમાવેશ થાય છે. વાર્ષિક લગભગ ૨૬,૭૪૫ જેટલા વાંચકો પુસ્તકાલયમાં નોંધાય છે. સરકારી જિલ્લા પુસ્તકાલયમાં ૧૮ જેટલા દૈનિક સમાચાર પત્રો અને ૧૧૦ સામયિકો આવે છે. સ્પર્ધાત્મક પરીક્ષા માટે રોજિંદા આશરે ૪૮ યુવાનો પુસ્તકાલયમાં સમય ફાળવે છે.

દેશના યુવાનો પુસ્તકાલયમાં સમય પસાર કરતા હોય તે ખરેખર ગર્વ લેવા જેવી વાત છે. પુસ્તકો થકી જ માનવોનું કલ્યાણ શકય છે, અને સાથે જ વિકાસ પણ..!!

અવસાન નોંધ

માહિતી ખાતાના નિવૃત્ત કર્મચારી સ્વ. ગજેન્દ્રપ્રસાદ વી. શુકલ (હળવદવાળા)ના સુપુત્ર પિયુષકુમાર જી. શુકલનું અવસાન તા. ૮-૬-૨૦૧૮ને શુક્રવારે થયું હતું. સદગતનું બેસણું તા. ૧૦-૬-૨૦૧૮ને રવિવારે સાંજે ૫ થી ૭ કલાક દરમિયાન તેમના નિવાસસ્થાન પ્લોટ નં. ૧૫૨૮/૧, સેકટર-૨-સી, સરકારી દવાખાના પાસે, ગાંધીનગર (મો. ૯૮૨૫૭૨૭૬૮૫) ખાતે રાખેલ છે.

ચિરવિદાય

- સ્વ. ઝાલા પ્રતાપજી મગનજી, ઉ.વ. ૮૦
- સ્વ. હિરાબેન કેવળદાસ મિસ્ત્રી, ઉ.વ. ૯૦